# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**પ્રવેશ વર્ષ-૨૦૧૭ થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી એન્જિનીયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોના એસીપીસી દ્વારા પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તરીકે GUJCET દ્વારા પ્રવેશ ઈચ્છુકને જાણ બાબત.**

રાજ્ય સરકારે પ્રવેશ વર્ષ-૨૦૧૭ થી વિદ્યાર્થીઓના બહોળા હિતમાં રાજ્યની સરકારી, અનુદાનીત તથા સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી સંસ્થાઓમાં ACPC દ્વારા આપવામાં આવતા પ્રવેશમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તરીકે JEE Main ના સ્થાને GUJCET દ્વારા પ્રવેશ આપવાનો નિર્ણય લીધેલ છે.

જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૯-૧૧-૨૦૧૬ ના રોજ સંકલિત ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની નકલ આ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે. આ ઠરાવની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(૧) આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૧૭ થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના નિયમોની જોગવાઈઓ અન્વયે રાજ્યની સરકારી, અનુદાનીત તથા સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી સંસ્થાઓમાં એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC) દ્વારા ભરવામાં આવતી "સરકારી બેઠકો" તથા સ્વનિર્ભર સંસ્થા દ્વારા ભરવામાં આવતી "મેનેજમેન્ટ બેઠકો" અંગેની મેરીટની ગણતરીમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ તરીકે GUJCET પરીક્ષાના પરીણામનેજ ધ્યાને લેવામાં આવશે.

(૨) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સંબંધિત જાહેરનામા અન્વયેના પ્રવેશ નિયમોમાં જે સંસ્થાઓ / યુનિવર્સિટીઓ માટે પ્રવેશ અંગેની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે તે સંસ્થાની ૫૦% બેઠકો ઉપર ACPC દ્વારા પ્રવેશ માટે GUJCET પરીક્ષાના પરિણામને જ મેરીટ માટેની ગણતરીમાં ધ્યાને લેવામાં આવશે.

(૩) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સંબંધિત જાહેરનામા અન્વયેના પ્રવેશ નિયમોમાં જે સંસ્થાઓ / યુનિવર્સિટીઓ માટે પ્રવેશ અંગેની ખાસ જોગવાઈ રાખવામાં આવી છે તે સંસ્થા / યુનિવર્સિટી દ્વારા ઓલ ઈન્ડિયાના ધોરણે ભરાતી ૫૦% બેઠકો ઉપર પ્રવેશ માટે JEE Main પરીક્ષાના પરિણામને મેરીટ માટેની ગણતરીમાં લેવામાં આવશે.

(૪) સેન્ટ્રલી ફન્ડેડ ઈન્સ્ટિટ્યૂટ્સ જેવી IITs, NITs, IIITs અને આવી અન્ય રાજ્યોની સંસ્થા / યુનિવર્સિટીઓની બેઠકો ઉપર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ JEE Main પરીક્ષાની પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૫) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની મેરીટ યાદી તૈયાર કરવા માટેની જોગવાઈ :

(૫.૧) ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમા વિદ્યાર્થીએ પસંદ કરેલ ગ્રુપ વિષયો (A અથવા B અથવા AB) ના થિયરી પર્સેન્ટાઈલના ૬૦% અને GUJCET ના પર્સેન્ટાઈલના ૪૦% ને ગણતરીમાં ધ્યાને લઈને પ્રવેશ અન્વયે વખતો વખતના નિયમોની જોગવાઈને આધારે સંબંધિત પ્રવેશ સમિતિ દ્વારા મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મુજબ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે.

(૫.૨) માર્ચ-૨૦૧૭ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના ચારેય સેમેસ્ટરનાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનના વિષયમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં ૬૦% અને GUJCET નાં પર્સેન્ટાઈલનાં ૪૦% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

(૫.૩) માર્ચ-૨૦૧૮ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં ૬૦% અને GUJCET નાં પર્સેન્ટાઈલનાં ૪૦% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

(૫.૪) માર્ચ-૨૦૧૭ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય માન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સંબંધિત બોર્ડની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં ૬૦% અને GUJCET નાં પર્સેન્ટાઈલનાં ૪૦% ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

**તા. ૦૧-૧૨-૨૦૧૬** **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**